દારૂના પૈસા ન આપતા પતિએ પુત્ર સાથે કૂવામાં ઝંપલાવ્યું

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામે શનિવારની રાત્રીના પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયેલ ત્યાર બાદ પત્ની પાસે દારૂ લાવવા માટે પૈસા માંગતા પત્નીએ ના આપતા પતિએ પત્ની પાસેથી દોઢ વર્ષના પુત્રને લઈ કૂવામાં પડ્યો હતો. દોઢ વર્ષીય પુત્રનું મોત નીપજ્યું હતું જ્યારે પિતા બચી ગયો હતો. આ બનાવ અંગે પત્નીએ ભિલોડા પોલીસમથકે પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યારા પતિને પકડી પાડી જેલ હવાલે કરી દીધો હતો. આ અંગેની વિગત આપતા ભિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. બી.એ. સોલંકીએ જણાવેલ કે લોલ્યા ગામે રહેતા મહેશભાઈ કેશાભાઈ પગી તેમની પત્ની વીણા અને બે બાળકી અને એક બાળક સાથેના પરિવારનું ખેતી કરી ગુજરાન ચલાવે છે. દરમિયાન શનિવારની રાત્રીના અંદાજે ૯ વાગેના સુમારે મહેશ દારૂ પી ને ઘરે આવેલ અને વીણા પાસે દારૂ લાવવા માટે પૈસાની માંગણી કરતા વીણાએ પૈસા ના આપતા મહેશે વીણાને બીભત્સ ગાળો બોલી પત્ની વીણાને ગડદા પાટુનો માર મારી ઘર આગળ પડેલ બે ખાટલાને સળગાવી દીધા હતા. ત્યાર બાદ વીણા પાસેથી દોઢ વર્ષીય પુત્ર કાર્તિકને ખેંચી લઈ હું મરી જાઉં છું અને કાર્તિકને પણ મારી નાખીશ તેમ કહી પોતાના ખેતર તરફ દોડી ગયેલો જેની પાછળ તપાસ કરવા પણ ગયેલ પરંતુ કોઈ જગ્યાએ મળેલ નહિ રાત્રીના ખેતરના કુવામાં કાર્તિકને લઈ મહેશ પડ્યો હતો. દરમિયાન રવિવારે વહેલી સવારે ખેતરમાં કામ કરતા ખેડૂતને બચાવો બચાવોનો અવાજ આવતા તેને કૂવામાં જોયેલ તો મહેશ ૫૦ ફૂટ ઊંડા કુવામાં લાકડા પર ફસાયેલો હતો. જેથી ગામમાં જાણ કરી હતી. આ બનાવ અંગે ગામના સરપંચે ભિલોડા પોલીસને જાણ કરતા તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. અને મહેશને બહાર કાઢી સારવાર માટે ભિલોડા સરકારી દવાખાને લઈ ગયેલા હતા. બીજી તરફ મહેશના હાથમાંથી છટકેલ દોઢ વર્ષીય કાર્તિક પાણીમાં ડુબી જતા તેનું મોત નીપજેલનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મોકલી આપી હતી અને આ અંગે ભિલોડા પોલીસમથકે વીણાએ પોતાના પતિ ૩૫ વર્ષીય મહેશ કેશાભાઈ પગી (ઠાકરડા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તેને પકડી જેલ હવાલે કરી દીધો હતો.

ભારતીય સંસ્કૃતીમાં વ્રતનો અનેરો મહીમા છે. તેમા અનેક વ્રતોની હારમાળા છે. ત્યારે શ્રાવણ માસનો મહીમા અનેક ગણો છે. શ્રાવણ માસમાં લોકો ભક્તિમય બની જાય છે. અને બહેનો - દીકરી ઓના પણ અનેક વ્રતો આવે છે. આજે શ્રાવણ સુદ ત્રીજ છે. આજના દિવસે બહેનો ફુલકાજળી વ્રતની હોશભેર ઉજવણી કરે છે. આ વ્રતમાં ફુલ સુંઘીને જ કંઈ પણ વસ્તુ આરોગવાની હોય છે. સારો પતી મેળવવા માટે અને સુર્ય દુખઃ દુર કરવા માટે બહેનો આ વ્રત રાખે છે. આ વ્રતમાં સાંજે ગાય માતાની પુજા કરવામાં આવે છે. અને ગાયને ઘાસચારો નાખવામાં આવે છે. રાત્રી દરમ્યાન જાગરણ કરી બહેનો માતાજીનુ નામ સ્મરણ સ્તુતી કરે છે. આ વ્રત મા ઉમા એ શંકર ભગવાનને પતી તરીકે પ્રાપ્ત કરવા માટે કરેલુ હતુ ત્યારથી સારો પતી મેળવવા માટે આ વ્રત બાળાઓ દ્વારા આજે રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ ગોપાળેશ્વરના મંદીરમાં મંદીરના પુજારી દ્વારા પુજા અર્ચના કરવામાં આવી હતી. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

હિંમતનગર ટાઉન પોલીસે વિદેશી દારૂ વેચતા બે શખ્સને ઝડપ્યા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ શારદાકુંજ સોસાયટીમાંથી વિદેશી દારૂનું વેચાણ કરતા બે જણાને ૧૧ બોટલ સાથે ટાઉન પોલીસે બે ને પકડી પડ્યા હતા. તેમની વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળેલ વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસ મથકના ડી સ્ટાફ ને મળેલી બાતમીના આધારે શુક્રવારના રોજ હર્ષદભાઈ ખોખરીયા અને બીટ જમાદાર તળજાભાઈ દેસાઈ બંને જણા ૧૧ વાગેના સમયે શારદાકુંજ સોસાયટીમાં ધોબીનું કેબીન ધરાવતા અજયકુમાર બાબુલાલ ધોબી (રાઠોડ) ની દુકાને તપાસ કરતા ત્યાંથી વિદેશી દારૂની એક ભરેલી અને બે ખાલી બોટલ મળી આવી હતી.

બીજી તરફ સાકાભાઈ દેસાઈ અને વિનોદ રાઠોડ બંને જણા અજયના ઘરે ચંદ્રનગર ગયેલા જ્યાંથી તેમને રાજસ્થાન બનાવટની બેંગ પાઈપર વિદેશી દારૂ ભરેલી ૧૦ બોટલ મળી આવી હતી. જે અંગે પૂછપરછ કરતા જાણવા મળેલ કે અજય સાથે પણ એક એક્ષ આર્મી મેન શહેરની ગંગોત્રી સોસાયટીમાં રહેતા પ્રવિણસિંહ બલદેવસિંહ પરમારનું નામ પણ આવ્યું હતું. જેથી પોલીસ બંને જણાને વિદેશી દારૂની ૧૧ બોટલ કિંમત રૂા. ૪૪૦૦ સાથે પકડી પાડી તેમના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રામપુર ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચને લાફો મારી કામમાં રૂકાવટ કરતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રામપુર (ધોરવાડા) ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચને ગામમાં રોડ બનાવવાની કામગીરીમાં ગામના ઈસમે લાફો મારી કામમાં રૂકાવટ કરતા શનિવારના રોજ ગાંભોઈ પોલીસમથકે સરપંચે ત્રણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત આપતા ગાંભોઈ પોલીસમથકના પી.એસ.ઓ. ગણપતભાઈએ જણાવેલ કે ૧૯મી જુલાઈના રોજ સવારે ૯ વાગેના સમયે રામપુર ગામના સરપંચ સુરેશભાઈ ખેમાભાઈ પટેલ અને મજુરો પાસે ગામના સીમાડામાં આવેલા આંગણનાથ મહાદેવ મંદિરે જતા રોડનું કામકાજ કરાવી રહ્યા હતા ત્યારે અચાનક ગામના લક્ષ્મણભાઈ ડાહ્યાભાઈ રાવળ, અમૃતભાઈ રેવાભાઈ પટેલ અને વસંતભાઈ લક્ષ્મણભાઈ પટેલ ત્રણેએ આવી સરપંચ સુરેશભાઈ પટેલને જણાવેલ કે તમે કેમ પંચાયતના કામ જોતેશા માટે કરોછોતેમ કહી અપમાન કરેલ અને દરમિયાન પાણીનું ટ્રેક્ટર લઈને આવતા વિજયભાઈને લક્ષ્મણભાઈ રાવળે કહેલ કે તું ટ્રેક્ટર લઈ પાછો જતો રહે નહિ તો જાનથી મારી નાખીશ તેમ કહી સરપંચને લાફો માર્યો હતો. ત્યારબાદ ત્રણે જણા પંચાયતની સરકારી કામગીરીમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ગાંભોઈ પોલીસે સરપંચે ત્રણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સોનગઢ ગામે મહિલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં તાલુકાના સોનગઢ ગામે એક ૪૦ વર્ષીય અસ્થિર મગજની મહિલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. પોલીસે અકસ્માતે તપાસ હાથ ધરી છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના સોનગઢ ગામે રહેતા પારથાભાઈ અરજણભાઈ ડાભીના પત્ની મણીબેન જે માનસિક રીતે અસ્થિર મગજના હોવાથી મણીબેન બે દિવસ પહેલા સાંજના ૪ વાગ્યાના સુમારે ગામમાં આવેલ વડના ઝાડની ડાળીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

કાંકરેજ તાલુકાના વિકાસશીલ થરાથી ૨ કિ.મી.ના અંતરે આવેલ તાણા ગામમાં સેન્ટર કક્ષાનો રમોત્સવ યોજાયો. જેમાં લગભગ ૧૬૦ બાળકોએ ભાગ લઈ તોનું કૌશલ્ય દેખાડ્યું હતું. તાણા ગામમાં આવેલ તાણા પે કેન્દ્ર શાળામાં સી.આર.સી. શ્રી નટુભાઈ સુથારની અધ્યક્ષતામાં આ શાળાના આચાર્ય શ્રી દિનેશભાઈ મુલાણીના માર્ગદર્શન નીચે ચાલુ સાલનો બાળ રમોત્સવ શનિવારના રોજ ઉજવાઈ ગયો. જેમાં સેન્ટરની સાત શાળાઓમાંથી ૧૬૦ બાળકોએ ભાગ લીધો હતો. આ રમોત્સવમાં શિશુ મંદિર, તાણા તથા તાણા પે કેન્દ્ર શાળાના બાળકો મોખરે રહ્યા હતા અને ગુણો કેળવણી વિશેની વિશેષ માહિતી આપેલ. સી.આર.સી.શ્રીએ જણાવેલ કે ઘરમાં રમાતી રમતો અને રમોત્સવમાં રમવું તે બન્નેમાં શો ફરક હોય છે તે વીષેની માહિતી આપી બાળકોને વાકેફ કર્યા હતા. રમોત્સવ બાદ અલ્પાહાર લઈ બાળકો છુટા પડ્યાં હતા. આ રમોત્સવમાં સોમભાઈ પ્રજાપતિ, વિરજીભાઈ સુથાર, જસ્મીતાબેન પટેલ, દશરથભાઈ પ્રજાપતિ, દિનેશભાઈ ઠક્કર, પોપટભાઈ પટેલ, શિશુ મંદિરનો સ્ટાફ, જયંતિભાઈ પટેલ, પિન્ટુભાઈ, વિમળાબેન, વસંતીબેન, અનિતાબેન, સુમિત્રાબેન, તરૂણાબેન વિગેરે હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમનું સુંદર સંચાલન જેયંતીભાઈ પટેલ કર્યું હતું.

ડીસા શહેરી વિસ્તારમાંથી અજાણ્યા તસ્કર દ્વારા મોટર સાઈકલની ચોરી

ડીસા, તા. ૨૨

ડીસા તાલુકામાં વાહન ચોરીનો સીલસીલો યથાવત રહેલ છે. શહેરી જનો ઘરફોડ ચોરીઓ અને વાહન ચોરીના બનાવો વચ્ચે ભયભીત બન્યા છે. ડીસા શહેર પોલિસનો ચોરી અટકાવવાના હાથ ધરાયેલા પ્રયત્નો અને નાકા બંધી, પેટ્રોલીંગ તેમજ અન્ય જાગૃતી અભિયાનરૂપી પગલા લેવાની જાહેરાતના બિજા દિવસેજ શહેરમાં અજાણ્યા તસ્કરોએ ચોરી કરી હતી જેમાં ગઈ કાલે મામલતદાર કચેરી ખાતેથી એક અજાણ્યા તસ્કરે મોટર સાઈકલની ચોરી કરી હતી. ધોળા દીવસે મોટર સાઈકલ ચોરી કરી ચોરી કરનાર ઈસમ આખના પલકારામાં રફુ ચર થઈ ગયો હતો. આ મામલે ડીસા શહેર પોલિસ મથકે ફરીયાદ આપતા પોલિસે ધોરણ સરની તપાસ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસામાં રાજપુર ખાતે વ્યાજબી ભાવની દુકાન ધરાવતા કાન્તીલાલ બી.લોધા મામલતદાર કચેરીમાં પોતાની મોટર સાઈકલ નંબર જી.જે ૮ એન- ૯૦૦૩, પાર્ક કરી ચલણ ભરાવા ગયા હતા ત્યારે અગાઉથી ઘાત લગાવી બેઠેલ અજાણ્યા તસ્કરોએ આ મોટર સાઈકલની ઉઠાંતરી કરી હતી. દુકાન દાર કે.બી. લોધા પોતાનું કામ પતાવી મોટર સાઈકલ પાર્ક કરેલ જગ્યાએ પરત આવતા મોટર સાઈકલ ચોરી થયાનું માલુમ પડ્યું હતું. આ બાબતે તેઓએ ડીસાના શહેર પોલિસ મથકે જાણ કરતા પોલિસે ફરીયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરેલ છે.

સ્વજલધારા કાર્યક્રમ / જાહેર નિવિદા

મોજે પાંથાવાડા, તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા સ્વજલધારા યોજના અંતર્ગત કરવાના થતાં કામોનો ટેન્ડર નોટીસ બાબત..

કામનું નામ	અંદાજીત રકમ
(૧) નારણપુરા (પાંથાવાડા) આર.સી.સી. પંપ રૂમ પાઈપલાઈનનું કામ	૯,૭૬,૫૭૦/-
(૨) હરજીપુરા (પાંથાવાડા) જમીન તળની ટાંકી આર.સી.સી. હવાડો પાઈપલાઈનનું કામ	૮,૮૦,૯૬૦/-

કોરા ટેન્ડર કોપી આપવાની તા. ૨૪-૭-૨૦૧૨ થી ૩૦-૭-૨૦૧૨ સુધી, ભરેલ ટેન્ડર કોપી પરત આપવાની તા. ૧-૮-૧૨ થી ૭-૮-૨૦૧૨ સુધી, ટેન્ડર ફી રૂ. ૫૦૦ તેમજ સદરહું કામના અનુભવના સર્ટીફિકેટ રજીસ્ટ્રેશનની કોપી તમામ કાગળો રજૂ કરવી. ગ્રામ પંચાયત પાંથાવાડા કચેરીથી ઓફિસ સમય દરમિયાન ટેન્ડર કોપી મળી શકશે. આ અંગેના તમામ અધિકાર વોટસન સમિતિના રહેશે.

અધ્યક્ષ — નારણપુરા વોટસન સમિતિ, પાંથાવાડા

સચિવ — હરજીપુરા વોટસન સમિતિ, પાંથાવાડા



હિન્દુ સનાતન ધર્મના પવિત્ર એવા દેવાધીદેવ મહાદેવજીનો પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે ત્યારે શિવભક્તો ભગવાન શંકરની પૂજા અર્ચનામા તલ્લીન બની હર હર મહાદેવ, ૐ નમઃ શિવાયનો મંત્રોચ્ચાર અભિષેક કરી શિવમય બન્યા છે. પાલનપુર નજીકના જગાણા ખાતે નર્મદેશ્વર મહાદેવના મંદિરે વહેલી સવારથી ભક્તો પૂજા માટે ઉમટી રહ્યા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ઈસ્લામમાં રોઝાએ ધર્મનો સ્થંભ

રોઝા દરેક બુરાઈ પર નિયંત્રણનું કામ કરે છે

અમદાવાદ, તા. ૨૨

મુસ્લિમ સમાજના પવિત્રમાસ રમઝાન મહીનામાં રખાતા રોઝા દરેક પ્રકારની બુરાઈ પર નિયંત્રણનું કામ કરે છે. રમઝાન મહીનો પવિત્ર મહીનો છે. એનુ મહત્વ તમામ મુસ્લિમ બિરાદરોએ સમજવું જરૂરી છે તે જમાતે અહેમદીયાના ગુજરાત એકમના વડા ભારી ફલઝુ રહેમાને જણાવ્યું હતું. મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસે ભાટીએ એક પ્રવચનમાં જણાવ્યું હતું કે ધર્મમાં રોઝા એ ધર્મનો સ્થંભ છે. દરેક મુસલમાન પર રોઝા રાખવું ફર્જ છે. અલ્લાતઆલાએ અન્ય કોમો પર રોઝા ફર્ઝ કર્યા હતા તે રીતે મુસલમાનો પર પણ રોઝા ફર્ઝ કર્યાછે જે રોઝા રાખે છે તે અલ્લા માટે જ છે. તેમણે જણાવ્યું હતું કે રોઝા રાખવાથી માનવી ગુનાથી બચી શકે તેનું કારણ રોઝા દરેક પ્રકારની બુરાઈ પર નિયંત્રણનું કામ કરે છે. રમઝાન મહીનામાં ખુદાની રહેતમતો નાઝીલ થાય છે તમામ મુસ્લિમોએ રમઝાન મહીનાનો પુરેપુરો લાભ ઉઠાવવો જોઈએ.

વોટડી ગામના તળાવમાં યુવાનનું ડૂબતા મોત

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના વોટડી ગામના ૩૦ વર્ષીય યુવાન જગદીશભાઈ વિરજીભાઈ કટાર રવિવારના રોજ ગામના તળાવ અંદાજે બપોરના ૧૨ વાગેના સમયે ડૂબી ગયેલ જે અંગે ગામમાં જાણ થતા ગામલોકો તળાવ પાસે દોડી ગયા હતા. દરમિયાન ૧૦૮ને જાણ કરતા ગાંભોઈની ૧૦૮ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ગામ લોકોએ યુવાનને બહાર કાઢ્યો હતો જેને ૧૦૮ દ્વારા મેઢાસણ સાકરી દવાખાને લઈ ગયેલ જ્યાં ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોક્સી	શામળાદી	૯૪૨૭૫૨૮૯૪૧
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮